
# એકવીસમી સદીનું ગંગાવતરણ



— શ્રીરામ શર્મા આચાર્ય

# એકવીસમી સદીનું ગંગાવતરણ

**પા**છલાં ત્રણસો વર્ષોમાં વિજ્ઞાન અને બુદ્ધિવાદનો અસાધારણ વિકાસ-વિસ્તાર થયો છે. વિજ્ઞાને આપણને અનેક સુવિધા-સાધન આપ્યાં છે. જો એ સાધનોનો સદુપયોગ ન થઇ શકે, તો તે એક મોટા દુર્ભાગ્યનું કારણ બની જાય છે. પાછલી ત્રણ સદીઓથી આવું જ થતું આવ્યું છે. પરિણામે આપણે પુરાતનકાળ કરતાં પણ વધારે મુશ્કેલ પરિસ્થિતિયોમાં જીવી રહયા છીએ.

વાયુ પ્રદુષણ, જળ પ્રદુષણ, ઘાતક વિકરણ, વધતું તાપમાન, અણુ અને રાસાયણિક અસ્ત્ર-શસ્ત્રોએ એવી પરિસ્થિતિયો ઊભી કરી છે, જેમાં મનુષ્યના અસ્તિત્વનું રક્ષણ કરવું મુશ્કેલ બની જશે. ધ્રુવ પીગળવા લાગે, સમુદ્રમાં ભયંકર તોફાન આવે, હિમયુગ પાછો આવે, પૃથ્વીના રક્ષા કવચ ઓઝોનમાં વધતાં છિદ્રો પૃથ્વી પર ઘાતક બ્રહ્માડીય કિરણો વરસાવે અને જે કંઇ સુંદર છે, તે બળીને રાખ થઇ જાય-એવી પરિસ્થિતિયો પેદા કરનારા વિજ્ઞાનની કેવી રીતે પ્રશંસા કરી શકાય ?

જેણે આ જ શતાબ્દીમાં બે વિશ્વ યુદ્ધ ખડાં કર્યાં અને અપાર જાન-માલનું નુકસાન કર્યું, તેને વિજ્ઞાન-વિકાસથી પેદા થયેલો ઉન્માદ જ કહેવો જોઇએ. છુટછવાયાં યુદ્ધોની સંખ્યા તો સેંકડો સુધી પહોંચી જાય છે. ધરતીની બધી જ ખનિજ સંપદાનું દોહન કરી લેવાની પણ યોજના છે. અંતરિક્ષ યુદ્ધની પણ તૈયારીઓ થઇ રહી છે, જેથી ધરતી અને આકાશમાં રહેતાં પ્રાણીઓ-વનસ્પતિઓનું કોઇ નામ નિશાન જ ન રહે.

પ્રત્યક્ષવાદી તત્વદર્શને આત્મા, પરમાત્મા, કર્મફળ, નૈતિકતા,

નિષ્ઠા વગેરે માનવીય આદર્શોની ગરિમાને ઉઠાવીને એક ખૂણામાં મૂકી દીધી છે. દરેકને તરત જ લાભ મેળવવો છે, પછી ભલેને તેના માટે અનીતિ-નિષ્ઠુરતા કેમ ન અપનાવવી પડે! લાગે છે કે વર્તમાન વિચારધારા માણસને પશુ બનાવી દેશે.

વિનોદનું પ્રમુખ માધ્યમ કામુકતા જ બની ગયું છે, તેણે સ્ત્રી-પુરુષ વચ્ચેની મર્યાદાઓના પુલને તોડી નાખ્યો છે. તેનું પરિણામ સામે જ છે.વસ્તી વધારાને રોકવા માટે પ્રયત્નો ચાલી રહયા છે, છતાં પણ જન સંખ્યા એટલી ઝડપથી વધી રહી છે કે ભાવિ પેઢી માટે ભોજન, મકાન, શિક્ષણ, ચિકિત્સા વગેરેની વ્યવસ્થા કરવી મુશ્કેલ બની જશે અને રસ્તા પર ચાલવા માટે ગાડીઓ બંધ કરવી પડશે. આ પ્રમાણે વસ્તી વધતી રહેશે, તો વિકાસ માટે જે યોજનાઓ બની રહી છે, તેમાંથી એક પણ સફળ નહિ થાય. ભૂખ્યાં વરુ અંદરોઅંદર જ એક-બીજાને ફાડી ખાય છે. જો વસ્તી વધારા પર અંકુશ નહિ મૂકાય, તો માણસ વરુના સ્તરનો બની શકે છે.

## સદુપયોગ ન થઇ શકવાની વિડંબના

**પ્ર**ગતિના નામ પર જે કંઇ મેળવવામાં આવ્યું છે, તેનો જો સદુપયોગ કરવામાં આવ્યો હોત, તો આજે દુનિયા કેટલી સુંદર અને સમૃદ્ધ હોત, તેની સહજ કલ્પના કરી શકાય છે, પરંતુ દુર્ભાગ્ય તો જુઓ, જેણે સમજદાર લોકોને પણ સ્વાર્થપરાયણતાની બેડીયોમાં બાંધી દીધા અને જે હાથમાં આવ્યું, તેનો દુરુપયોગ કરવા માટે પ્રેરિત કર્યા. પરિણામ સામે જ છે. અમીર-ગરીબ સૌ સાધનોની દૃષ્ટિથી અસંતુષ્ટ છે અને કુબેરની માફક વૈભવવાન બનવા માગે છે. વહેંચીને ખાવાની કોઇની ઇચ્છા જ નથી. દરેક વ્યકિત એક બીજાનું શોષણ-દોહન કરવા માટે આતુર છે અને નિરંતર ચિંતિત, અસંતુષ્ટ અને

આકુળ-વ્યાકુળ રહે છે. ઉપરની ચમક જોઇ પ્રગતિનો ભ્રમ જરૂર થાય છે, પરંતુ વસ્તુત: માણસે પોતાનું શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક સ્વાસ્થ્ય ગુમાવ્યું છે. માણસ સ્મશાનના ભૂત-પ્રેતોની માફક આશંકા અને ઉદ્વિગ્નતાઓ વચ્ચે ડરતાં-ડરતાં જીવન જીવી રહ્યો છે. જો જીવન જીવવાની કળા શીખી લેવામાં આવી હોત, તો આજે ચારેયબાજુ પ્રગતિ, પ્રસન્નતા અને સુખ-શાંતિ જોવા મળત. સ્નેહ, સૌજન્ય, સદ્ભાવ અને સહયોગના વાતાવરણમાં રહીને દરેકને ઉલ્લાસ અને આનંદનો અનુભવ થાત.

તેનાથી ઊલટું આજે ચારેયબાજુ અશાંતિ જોવા મળે છે. સુખ-શાંતિ અને સંતોષપૂર્વક જેઓ જીવી રહ્યા છે, તેમની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી જ છે. કુકૃત્યો કુવિચારોની જ દેણ છે. આજની સૌથી મોટી સમસ્યા છે-વિચારોની વિકૃતિ, આસ્થા સંકટ, ભ્રાંતિઓનો ઘટાટોપ અને કુવિચારોનું સામ્રાજય. જયાં સુધી એ વિકૃતિને દૂર કરવામાં નહિ આવે, ત્યાં સુધી કાંટાની માફક વિખરાઇને પડેલાં કષ્ટોથી છુટકારો નહિ મળે. વિષવૃક્ષનાં મૂળિયાં કાપ્યા વગર સુખ-શાંતિથી આશા રાખવી વ્યર્થ છે.

## આજની સૌથી મોટી જરૂરિયાત

અત્યારે સૌથી મોટું અને સૌથી જરૂરી કામ વિચારક્રાંતિનું છે. દુષ્પ્રવૃત્તિઓ સામે સંઘર્ષ કરવામાં આવે અને માનવી ગૌરવને અનુરૂપ મર્યાદાનું પાલન કરવા, અનુશાસનમાં રહેવા માટે દરેકને મજબૂર કરવામાં આવે. નવયુગના અવતરણ અને સતયુગ પાછો લાવવા માટેનો એક માત્ર ઉપાય વિચાર ક્રાંતિ છે. આજ ધર્મ ધારણા અને સત્ય, પ્રેમ, ન્યાયની આરાધના છે. આનાથી મોટો પુણ્ય-પરમાર્થ બીજો કોઇ જ નથી. આજ છે એ

મહાભારત, જેના માટે દરેક પ્રાણવાન પરિજનોને કટિબદ્ધ થવા માટે કહેવામાં આવ્યું છે. અનીતિ વિરૂદ્ધની લડાઇમાં વિજય મળતાની સાથે જ ઉજજવળ ભવિષ્યની રચના થશે. એકવીસમી સદીની જ્ઞાનગંગા ત્યારે સ્વર્ગમાંથી ધરતી પર ઉતરી આવશે. દરેકને તેનો લાભ મળશે.

આપણે વિચારક્રાંતિ માટે વ્યાપક તૈયારી કરવી જોઇએ. સમજદારોના માથા પર ચઢી ગયેલો અણસમજનો ઉન્માદ ઉતરવો જોઇએ. તેના માટે લોઢાથી લોઢું કાપવાની અને કાંટાથી કાંટો કાઢવાની નીતિ અપનાવવી પડશે. સદ્વિચાર ધારણ કરવા પડશે અને અન્યને પણ તેનો લાભ આપવો પડશે.

વિચારક્રાંતિનું કામ મોટું છે – વ્યાપક છે. ૬૦૦ કરોડ મનુષ્યોના "બ્રેનવોશિંગ"નો પ્રશ્ન છે. તેમાં દુષ્પ્રવૃત્તિયોના ઉન્મૂલનની સાથે સાથે સત્પ્રવૃત્તિયો પણ વધારવી પડશે. વિવેકશીલતાની સ્થાપના કરવી પડશે.એકતા અને સમતાની છત્રછાયામાં આવવા માટે દરેક આમંત્રિત જ નહિ, મજબૂર કરવા પડશે.

તેના માટે શરૂઆત કેવી રીતે અને કયાંથી કરવામાં આવે ? આ બિલાડીના ગળામાં ઘંટ બાધવા જેવો કઠણ પ્રશ્ન છે. તેના માટે આત્મદાની પ્રચંડ સાહસના ધની પ્રાણવાન પરિજનો જોઇએ. તેમને કયાંથી શોધવામાં આવે? કોણ તેમનામાં પ્રાણ ફૂંકે? કોણ તેમને આ દુષ્પ્રવૃત્તિઓ સામે ઝઝૂમવા માટે તૈયાર કરે ? ચારેય બાજુ નજર ફેરવયા પછી એક જ ઉપાય સૂજયો છે કે "શોધખોળ ઘરમાંથી જ શરૂ કરવી જોઇએ" દશરથે વિશ્વામિત્રની યાચનાને માન આપી પોતાના પુત્રો સોંપી દીધા હતા. હરિશ્ચંદ્રએ પોતે જ ગુરૂની આવશ્યકતા પૂરી કરી હતી. આજ પરંપરા હવે ફરીથી શરૂ કરવાની જરૂર છે. પોતાનું ઉદાહરણ રજૂ કરીને જ બીજાંને આદર્શો અપનાવવા માટે પ્રોત્સાહિત કરી

શકાય છે.

## પ્રયોગનો શુભારંભ અને વિસ્તાર

યુગ નિર્માણ મિશનના સંસ્થાપક પૂજ્ય આચાર્યજીએ પોતાનું ઉદાહરણ રજૂ કરીને. નવ સર્જનના શ્રી ગણેશ કર્યા. પોતાની બધી જ સંપત્તિ લોક કલ્યાણ માટે સમર્પિત કરી દીધી. અન્ય લોકોને પણ લોભ, મોહ અને અહંકારનાં બંધન ઢીલાં કરવા તથા જે સમય, શ્રમ, કૌશલ, મનોયોગ બચે, તેને લોક મંગળના કાર્યો લગાવવા માટે તૈયાર કર્યા.

પંદર વર્ષની ઉંમરથી લઇને એંશી વર્ષ સુધી તેમણે આજ કામ કર્યુ છે. પોતાનો આદર્શ રજૂ કરી, સંપર્કમાં આવનાર દરેક પરિજનોને ઉત્કૃષ્ટતા અપનાવવા અને આદર્શવાદી માર્ગ પર ચાલવા માટે ઉત્સાહિત કર્યા છે. આ કામ તેમણે અધ્યાપકના રૂપમાં કર્યુ છે. હિન્દીની "અખંડ જયોતિ", "યુગ નિર્માણ યોજના" પત્રિકા તથા સાત અન્ય ભારતીય ભાષામાં પ્રકાશિત થતી પત્રિકાઓ દ્વારા તેમણે પાઠકોને માત્ર વાંચન સામગ્રી જ આપી છે એવું નથી, યુગ સમસ્યાઓ સામે ઝઝૂમવા માટે પણ તૈયાર કર્યા છે. અત્યારે તેમના દ્વારા સંપાદિત, પ્રકાશિત પત્રિકાઓની સંખ્યા લગભગ પાંચ લાખ છે. દરેક અંક ઓછામાં ઓછા પાંચ વ્યકિત વાંચે છે. તેથી તેનો લાભ લેનારાઓની તથા મિશન સાથે ઘનિષ્ઠ સંપર્ક સ્થાપિત કરનારાઓની સંખ્યા પચ્ચીસ લાખ થઇ જાય છે. આ જનશકિતના માધ્યમથી વિચારક્રાંતિના શુભારંભથી લઇને એકવીસમી સદીના ગંગાવતરણની યોજના બનાવી છે અને તેની શરૂઆત કરવામાં આવી રહી છે. પાંચ લાખ સ્થાયી સદસ્યોના પચ્ચીસ લાખ પાઠક છે. તેમાંથી દરેકને પોતાના પાંચ-પાંચ સાથી તૈયાર કરવાની જવાબદારી

સોંપવામાં આવી છે. આ પ્રમાણે બીજી છલાંગમાં પ્રાણવાન પરિજનો અને સૃજન શિલ્પિઓની સંખ્યા લગભગ એક કરોડ થઇ જશે. આ ક્રમ વધતાં-વધતાં સંસારના ૬૦૦ કરોડ લોકોને પોતાની ભૂજાઓમાં જકડી લે, તો કોઇને આશ્ચર્ય ન થવું જોઇએ. તેનું વધતું જતું પરિકર જો યુગ પરિવર્તનનું વાતાવરણ ખડું કરી દે, તો તેમાં અસંભવ જેવી કોઇ વાત જ નથી.

## પ્રખર પ્રેરણાનું જીવંત તંત્ર

જન માનસના પરિષ્કાર માટે કલમ અને વાણીની જરૂરીયાત તો છે જ, સાથેસાથે એવું વ્યકિતત્વ પણ જોઇએ કે જે પોતાનું ઉદાહરણ રજૂ કરી બીજા લોકોને પણ યુગને અનુરૂપ પોતાના વિચારો અને કાર્યોમાં જરૂરી પરિવર્તન કરવા માટે તૈયાર કરી શકે. આ ત્રણેય કામ મિશનના સૂત્ર સંચાલકે પોતાના સમર્થ જીવનકાળમાં પૂરાં કર્યાં છે. જન માનસના પરિષ્કાર માટે પોતાના સમય, શ્રમનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. એક મિનિટનો સમય પણ બરબાદ નથી કર્યો.

પ્રત્યક્ષ છે કે લગભગ દરેક આર્ષ ગ્રંથોનો સંસ્કૃતમાંથી હિન્દીમાં અનુવાદ આચાર્યજીએ કર્યો છે. ચારેય વેદ, ૧૦૮ ઉપનિષદ્, ૬ દર્શન, ચોવીસ ગીતા, સ્મૃતિયો, આરણ્યક વગેરે ગ્રંથોનું અધ્યન, અનુવાદ કરી તેને સર્વસાધારણ સુધી પહોંચાડવા માટે અથાક તથા સફળ પરિશ્રમ કર્યો છે. લગભગ ૧૫૦૦ પુસ્તક એવાં છે, જે વ્યાવહારિક જીવનમાં અધ્યાત્મના સિદ્ધાંતોનો સમાવેશ કરવા અંગેનું માર્ગદર્શન આપે છે. અત્યારે આઠ માસિક પત્રિકાનું પ્રકાશન થઇ રહયું છે, તેની ચર્ચા ઉપર કરવામાં આવી છે. આ બધા સાહિત્યનો અન્ય ભાષાઓમાં અનુવાદ અને તેનું પ્રકાશન પણ થયું છે. બજારના ભાવે સાહિત્ય ખરીદવું

અત્યારે સર્વસાધારણ માટે સંભવ નથી. તેથી પડતર કિંમતે જ સાહિત્ય જ્ઞાનરથ અને ઝોલા પુસ્તકાલયોના માધ્યમથી ઘેર-ઘેર પહોંચાડવામાં આવશે. પ્રાણવાન પરિજનો ઘેરઘેર જઇને શિક્ષિતોને યુગ સાહિત્ય પાઇ પૈસો લીધા વગર આપે છે અને વંચાઇ ગયા પછી પાછું લઇ આવે છે. જેઓ અભણ છે, તેમને સાહિત્ય વાંચી સંભળાવે છે. આપવા-લેવાના આ ક્રમમાં થોડુંઘણુ સાહિત્ય વેચાય પણ છે અને ઘરમાં પુસ્તકાલય બનાવવાની શૃંખલા પણ ચાલતી રહે છે.

જન માનસના પરિષ્કાર માટે બીજો ઉપાય છે-વાણી, અર્થાત સંગીત અને પ્રવચન. તેના માટે શાંતિકુંજમાં સત્ર ચાલતાં જ રહે છે. દરેક સત્રમાં સૈંકડો લોકો આવે છે અને સંગીત-પ્રવચનનું જ્ઞાન મેળવીને પાછા ફરે છે. તેમને એ વિશેષ રૂપથી શીખવવામાં આવે છે કે પતિતોને ઊભા કરવાની જવાબદારી લેનારને વધારે સદ્ગુણી અને સાહસિક બનવું જોઇએ. માર્ગદર્શકનું પોતાનું વ્યકિતત્વ કલમ-વાણી કરતાં વધારે સશકત છે. જો માર્ગદર્શક ઢીલા હોત, તો અત્યારે જેટલું કામ થઇ રહયું છે, તેટલું કામ ન થઇ શકત, ઊલટું લોકો મશ્કરી કરત. સૂત્ર સંચાલક તરફથી મળેલી પ્રેરણાના કારણે જ શાંતિકુંજમાં એક લાખ યુગ શિલ્પીઓ તૈયાર કરી તેમને કાર્યક્ષેત્રઓમાં ઉતારવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

આ કાર્યકર્તાઓ પ્રચાર-પ્રસારનું કામ યોજના બદ્ધ રીતે પોતાના આસપાસના વિસ્તારમાં કરી શકે, એ માટે સંસ્થાએ ઠેરઠેર નાના-મોટા આશ્રમ બનાવી દીધા છે. આ આશ્રમોને "પ્રજ્ઞાપીઠ" નામ આપવામાં આવ્યું છે. થોડા સમય પહેલાં આ પ્રજ્ઞાપીઠોની સંખ્યા અઢી હજાર હતી, હવે વધતાં-વધતાં ત્રણ હજાર સુધી પહોંચી ગઇ હશે. દસ-દસ પૈસા અંશદાન અને એક કલાકનો સમય આપી પ્રજ્ઞાપીઠો પોતાની વ્યવસ્થા કરી લે છે.

# લોક સેવી કાર્યકર્તાઓનું ઉત્પાદન

જન જાગરણ માટે શાંતિકુંજમાંથી પ્રચાર ટોળીઓ આખા દેશમાં મોકલવામાં આવે છે. તેના માટે અત્યાર સુધી દસ જીપો નિરંતર દરેક દિશામાં દોડતી હતી અને મોટી સંખ્યામાં હાજર રહેલા લોકોને પોતાનો જીવન ક્રમ બદલવા માટે મર્મસ્પર્શી ઉપદેશ આપવામાં આવતો હતો. હવે માંગ અને જરૂરિયાત વધી ગઇ છે, તેથી પ્રચાર માટે બહુ મોટી સંખ્યામાં સાઇકલ, મોટર સાઇકલોની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આમ તો દરેક ક્ષેત્રમાં પ્રચારકો તૈયાર થઇ રહ્યા છે. તેઓ આસપાસના વિસ્તારમાં જઇ દરરોજ બે-ચાર કલાક મન લગાવીને પ્રચાર કરે છે. જન સંપર્ક કરે છે અને ઊલટી દિશામાં વહેતા પ્રવાહને ઊલટાવીને સીધો કરવા માટે પોતાની શકિત પ્રમાણે પ્રયત્ન કરે છે.

ઉપરોકત પ્રચાર કાર્ય સિવાય એક મોટી વાત છે-સમર્પિત કાર્યકર્તાઓનું નવ સર્જન માટે જીવનદાન. આ કામ બહુ મુશ્કેલ છે, કારણ કે સામાન્ય રીતે દરેક વ્યકિત પોતાનો સ્વાર્થ જ જુએ છે. પરમાર્થનાં કાર્યો કરવાની કોઇની પાસે નથી નવરાશ કે નથી રુચિ. દરેક ક્ષેત્રોમાં વેતન ભોગી જ કામ કરતા જોવા મળે છે. પરંતુ જયાં સુધી ભાવ સંવેદનાઓમાં આદર્શવાદિતાને ઠૂંસીઠૂંસીને ભરવાનો સવાલ છે, ત્યાં સાધુ-બ્રાહ્મણ, પરિવ્રાજક, વાનપ્રસ્થ જેવા નિ:સ્પૃહ કાર્યકર્તા જ જોઇએ.

આ તથ્યને ધ્યાનમાં રાખીને શાંતિકુંજમાં સ્વાવલંબી લોકસેવકો તૈયાર કરવા માટે પ્રયાસ ચાલી રહયો છે. તેમનું કુટુંબ કોઇ ગૃહ ઉદ્યોગ શરૂ કરી પોતાનું ગુજરાન ચલાવતું રહે. પહેલાં આવી પરંપરા પણ હતી. બ્રાહ્મણ કુટુંબમાંથી એક પરિવ્રાજક લોક

મંગળના કાર્યો માટે સમર્પિત કરવામાં આવતો હતો. ક્ષત્રિય કુટુંબમાંથી એક સૈનિક બની દેશની સેવા કરતો. શીખ ધર્મમાં પણ કુટુંબમાંથી એક વ્યક્તિને ગુરુ કાર્યોમાં માટે સમર્પિત કરવામાં આવતો હતો, આ પરંપરા હવે ધીરેધીરે સમાપ્ત થઇ ગઇ છે. શાંતિકુંજે ઉપરોક્ત પરંપરાને "વાનપ્રસ્થ પરંપરાના પુનર્જીવન" ના રૂપમાં શરૂ કરી છે અને તે સતત આગળ વધી રહી છે.

શાંતિકુંજમાં અત્યારે ૫૦૦ કાર્યકર્તા નિવાસ કરે છે. તેમાંથી મોટા ભાગના ઉચ્ચ શિક્ષિત છે. તેઓ પોતાની નોકરીઓ છોડી સમર્પિત ભાવથી આશ્રમમાં સેવકની માફક કામ કરે છે. આશ્રમમાં એક પણ સફાઇ કર્મચારી, ધોબી, હજામ કે ચોકીદાર રાખવામાં નથી આવ્યો. દરેક કામ કાર્યકર્તા હળીમળીને પૂરાં કરી લે છે. વરિષ્ઠ કાર્યકર્તાઓમાંથી મોટા ભાગના એવા છે, જે પોતાના પેન્શન યા સંચિત સંપદાથી જ પોતાનો ખર્ચ ચલાવે છે, મિશનમાંથી એક પૈસો પણ નથી લેતા. કેટલાકે તો પોતાનાં ઘરેણાં, જમા રકમ વગેરે મિશનને જ સમર્પિત કરી દીધું છે. અહીંથી ફક્ત નિર્વાહ ભથ્થું તથા ભોજન જ લે છે. કેટલાય કાર્યકર્તા આર્થિક દૃષ્ટિથી આત્મનિર્ભર પણ છે, પરંતુ તેઓ પોતાને એક સ્વયં સેવક માની સોંપેલા કાર્યમાં લાગ્યા રહે છે. જેમની આર્થિક સ્થિતિ સારી નથી તેમના માટે રોટી-કપડાં, મકાનની વ્યવસ્થા મિશન કરે છે અને તેઓ બ્રાહ્મણો જેવું આદર્શ સાત્વિક-સક્રિય જીવન જીવે છે. ઘણા લોકો તો કહે છે કે સતયુગ જેવું વાતાવરણ જોવું હોય તો શાંતિકુંજ જઇને જુઓ. અહિયાં "નર ઔર નારી એક સમાન" "જાતિ વંશ સબ એક સમાન"નો ઉદ્‌ઘોષ પૂરી રીતે ચરિતાર્થ થતો જોઇ શકાય છે.

એકવીસમી સદીની અનિવાર્ય આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને ચાલુ વર્ષે યુગ સંધિનાં બાર વર્ષોમાં એક લાખ સૃજન શિલ્પીઓ તૈયાર કરી તેમને કાર્યક્ષેત્રમાં ઉતારવાનો સંકલ્પ

લેવામાં આવ્યો છે. એમના નિવાસ માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આશા રાખવામાં આવી છે કે આજ આશ્રમ થોડા સમયમાં અત્યારે, છે તેના કરતાં બમણો થઇ જશે.

શાંતિકુંજની અર્થવ્યવસ્થા પરિજનોના સહયોગથી ચાલી રહી છે. તેના માટે કોઇની પર દબાણ કરવામાં આવતું નથી. મિશન સાથે જોડાયેલા પરિજનો સ્વેચ્છાથી-શ્રદ્ધાથી જે સહયોગ આપે છે, તેમાંથી જ આશ્રમનું ગાડું ગબડતું રહે છે. આ સ્વેચ્છા સહયોગીઓમાંથી મોટાભાગના એવા છે, જે રોજના દસ પૈસા જેટલી જ સહાયતા કરી શકે છે. વિનોબાજી કહેતા હતા કે કોઇ સંસ્થા ત્યાં સુધી જ ચાલવી જોઇએ, જ્યાં સુધી તેની ઉપયોગિતા અનુભવ કરનારા અંત:પ્રેરણાથી તેને સીંચતા રહે. આ જ આદર્શના આધાર પર શાંતિકુંજે અત્યાર સુધી નવાં કામ ચલાવ્યાં છે. ભવિષ્યમાં મોટી યોજનાઓ પણ આજ આધાર પર પૂરી થશે.

## વિજ્ઞાન-અધ્યાત્મનો સમન્વય

શાંતિકુંજની ગતિવિધિયોમાં એક મોટું કામ છે-અધ્યાત્મનું વિજ્ઞાનના આધાર પર નવેસરથી પ્રતિપાદન. અત્યાર સુધી શાસ્ત્ર ઉલ્લેખ અને આપ્ત વચન જ અધ્યાત્મના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતાં હતાં. પરંતુ હવે બુદ્ધિવાદને મહત્વ મળવા લાગ્યું છે, તેથી તર્ક, તથ્ય પ્રમાણ અને ઉદાહરણ વગેરે દ્વારા અધ્યાત્મનું પ્રતિપાદન કરવાની જરૂર ઊભી થઇ છે. તેના માટે જ શાંતિકુંજે બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાન ઊભું કર્યું છે. નવી પેઢીની નજરમાં આદર્શવાદી તત્વદર્શનને પ્રામાણિક સાબિત કરવા માટે બ્રહ્મવર્ચસમાં આધુનિક મશીનો તથા મહત્વપૂર્ણ પુસ્તકો વસાવવામાં આવ્યાં છે અને તેના માધ્યમથી નવી પેઢીની નજરમાં

આદર્શવાદી તત્વદર્શનને સાચું સાબિત કરવા માટે શોધખોળનું કાર્ય ચાલી રહ્યું છે.

બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનની અંતર્ગત એક એવો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે, જેને આયુર્વેદનો જીર્ણોદ્ધાર કહી શકાય છે.

આ શોધ કાર્યોમાં જે તે વિષયના નિષ્ણાતો અને પોસ્ટ ગ્રેજ્યુએટ સ્તરના કેટલાય કાર્યકર્તા સંલગ્ન રહે છે. આ પ્રયોગશાળામાં બીજો પણ એક વિભાગ શરૂ કરવામાં આવ્યો છે, જેથી મનુષ્યની શારીરિક-માનસિક શકિત માપી તેને એ મુજબનું કામ સોંપી શકાય.

## ઘેરઘેર અલખ જગાવવાનું કાર્ય દીપયજ્ઞના માધ્યમથી

**મિ**શનનું કાર્યક્ષેત્ર બહુ વિશાળ છે. તેના માટે દેશના ખૂણેખૂણે, નગર, ગામડાં, ફળિયાં, ઘરોમાં જવું પડશે અને સંમેલનના માધ્યમથી ભાવનાશીલ-શ્રદ્ધાળુ લોકોને ભેગા કરવા પડશે. દરેક ગામ-ફળિયામાં નવ યુગનો, નવજાગરણનો, નવા પરિવર્તનનો સંદેશ પહોંચાડવા માટે આવાં સંમેલન યોજવાં પડશે.

આજકાલ લોકોને સંમેલનમાં રુચિ રહી નથી, તેથી મોટી સંખ્યામાં ભાવનાશીલ પરિજનોને ભેગા કરવાનું કામ બહુ મુશ્કેલ છે. આ મુશ્કેલીનો ઉપાય શોધી કાઢવામાં આવ્યો છે. હવે દીપયજ્ઞોના માધ્યમથી ભાવનાશીલ પરિજનોને ભેગા કરવામાં આવશે. જૂનાં વિધિ-વિધાન પ્રમાણે જે યજ્ઞ આયોજન કરવામાં આવે છે, તેમાં ઘણો ખર્ચ થાય છે. ઢગલાબંધ અનાજ સળગી જાય છે, કર્મકાંડમાં પણ ઘણો સમય લાગે છે. પુરોહિત જેમ કહે તેમ કરવું પડે છે. તેથી ઘણા લોકોની શ્રદ્ધા તૂટી જાય છે અને તેમાં ભાગ લેતા નથી. જેઓ પહોંચે છે, તેઓ આયોજકો પર જુદાજુદા આક્ષેપ લગાવે છે, પરિણામે સંગઠનની જગ્યાએ

આયોજનમાં વિગઠન પેદા થાય છે.

આ બધી મુશ્કેલીયોને ધ્યાનમાં રાખીને યુગ ધર્મને અનુરૂપ "દીપયજ્ઞ"ની પરંપરા શરૂ કરવામાં આવી છે. તેની વિધિ બહુ સરળ છે. તદ્ઉપરાંત તેમાં સાધનોની પણ વધારે જરૂર પડતી નથી, ખર્ચ પણ ઓછો આવે છે. તેથી દીપયજ્ઞ આયોજન દરેક ઠેકાણે સફળ થયાં છે. જે ઉદ્દેશ્યો માટે પ્રાચીનકાળમાં મોટા યજ્ઞો કરવામાં આવતા હતા, તે કામ હવે દીપયજ્ઞોના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે.

યજ્ઞમાં ભાગ લેનાર દરેક વ્યકિત ઘેરથી એક થાળી, પાંચ અગરબતી અને દીપક લઇને આવે છે. દરેક વર્ગનાં સ્ત્રી-પુરુષો એક લાઇનમાં બેસી જાય છે, સાથેસાથે સંગીત અને પ્રવચનના માધ્યમથી સ્થાનીય લોકોને પ્રગતિના પથ પર કેવી રીતે ચાલવું જોઇએ, અત્યારે કયાં પ્રચલનોમાં સુધાર કરવાની જરૂર છે, તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે. બાદમાં ઉપસ્થિત પ્રતિભાશાળી પરિજનોનું એક પ્રજ્ઞા મંડળ બનાવી દેવામાં આવે છે.

સવારે યજ્ઞ, બપોરે વિચાર ગોષ્ઠી અને સાંજે સભાસંમેલનના માધ્યમથી જનજાગૃતિના ક્ષેત્રમાં અસાધારણ કાર્ય થયું છે અને ચોમુખી વિકાસનું ઉત્સાહ વર્ધક વાતાવરણ તૈયાર થયું છે. દીપયજ્ઞોના માધ્યમથી દરેક શહેર, ગામ, ફળિયામાં પહોંચીને લોકોનો સંપર્ક સ્થાપિત કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. દર વર્ષે હજારોની સંખ્યામાં દીપયજ્ઞનાં આયોજન સંપન્ન થાય છે. યુગ સંધિના આ બાર વર્ષોમાં દીપયજ્ઞોને દેશ-વિદેશમાં વ્યાપક બનાવવાની યોજના છે.

## સંધિવેળા અને એકવીસમી સદીનું અવતરણ

**વી**સમી સદીનો અંત અને એકવીસમી સદીના આરંભ

વચ્ચેનો સમયગાળો બાર વર્ષનો છે. સન ૧૯૮૯થી ૨૦૦૦ સુધીનો સમય યુગસંધિનો છે. રાત્રિ અને દિવસના મિલનકાળને સંધ્યાકાળ કહેવામાં આવે છે. આ સમયનું બહુ મહત્વ છે. પક્ષીઓ કલરવ કરે છે, ફૂલો ખિલે છે અને પ્રાણીઓ આળસ ત્યાગી ઉત્સાહપૂર્વક પોતપોતાનાં કામાં લાગી જાય છે. ઉપાસના માટે પણ આ સમય શ્રેષ્ઠ માનવામાં આવે છે. દરેકે સમજવું જોઇએ કે યુગસંધિનાં બાર વર્ષ અત્યંત મહત્વપૂર્ણ સંભાવનાઓથી ભરેલાં છે. આ સમયમાં પાછલાં ત્રણસો વર્ષોથી ચાલતી આવેલી અવાંછનીયતાઓનું પ્રાયશ્ચિત થશે અને સુખદ્ સંભાવનાઓથી ભરેલી એકવીસમી સદીનું બીજારોપણ થશે. દુષ્પ્રવૃત્તિ ઉન્મૂલ અને સત્પ્રવૃત્તિ સંવર્ધનનું કાર્ય આ દિવસોમાં જોર શોરથી ચાલતું રહેશે.

ઘડિયાળનું લોલક એક સીમા સુધી જ આગળ વધે છે, ફરીથી એને પાછું વળવું પડે છે. પ્રકૃતિનો પણ આજ નિયમ છે. તે અતિવાદને ક્યારેય સહન કરતી નથી. સૃષ્ટિએ નિયંત્રણ અને સંતુલનનો પણ નિયમ બનાવ્યો છે. પાછલા ત્રણસો વર્ષોમાં મનુષ્યએ દરેક ક્ષેત્રોમાં ઉદંડતા અપનાવી છે. તેનું પ્રતિફળ હવે મળવાનું જ છે. માણસ નીતિ-મર્યાદા નેવે મૂકી નર પશુ યા નર પિશાચ જેવું આચરણ કરે, એ ઇશ્વરને બિલકુલ પસંદ નથી. ઇશ્વર પૃથ્વીનો સર્વનાશ કયારેય સહન નહિ કરી શકે. સંતુલન બગડતાં જ વિનાશનો ક્રમ શરૂ થઇ જાય છે, તેથી પ્રકૃતિ અનર્થને રોકી, તેના સ્થાન પર શાશ્વત સૌજન્યની સ્થાપના કરે છે.

એકવીસમી સદીમાં અત્યાર સુધી જેટલી ગંદકી ફેલાવવામાં આવી છે, તેની સફાઇ કરવામાં આવશે. આંધી-તોફાન કચરાને પોતાની સાથે ઢસડી જશે, જેથી સુંદરતા અને સુવ્યવસ્થા જળવાઇ રહે. દિવ્યદર્શીઓ હવે અનુભવ કરી રહ્યા છે કે

વીસમી સદીના અંત સુધીમાં અવાંછનીયતાઓ પોતાનો પસારો સમેટી લેશે અને એકવીસમી સદી ઉજજવળ ભવિષ્યને પોતાના અંચળમાં લપેટીને સ્વર્ગમાંથી ધરતી પર ઉતરશે.

## ભાવિ સંભાવનાઓ-ભવિષ્ય કથન

એકવીસમી સદીની સંભાવનાઓ અદ્ભુત, અનુપમ અને અભૂતપૂર્વ છે. એકવીસમી સદીની સંપૂર્ણ વ્યવસ્થા એકતા અને સમતાના સિદ્ધાંતો પર આધારિત હશે. વિદ્વાનોનું કહેવું છે કે એકતાનું સૂત્ર એક વ્યવસ્થાનું રૂપ ધારણ કરશે. દરેક લોકોને હળીમળીને રહેવું પડશે. કેટલાક એવા ભવિષ્યવકતાઓ થઇ ગયા છે, જેમણે વિશ્વની સમસ્યા અને તેના ઉકેલના સંબંધમાં જે કંઇ કહ્યું છે, તે સમય આવ્યે સાચું પડયું છે. આજથી ચારસો વર્ષ પહેલાં ફ્રાંસમાં નોસ્ટ્રાડેમસ નામના ભવિષ્યવકતા થઇ ગયા હતા. તેમણે અત્યાર સુધીમાં જેટલી ઘટનાઓ બની ગઇ છે, તેના વિષયમાં ઘણું બધું કહ્યું છે અને એ કથન દરેક કસોટી પર સાચાં સાબિત થયાં છે. તેમણે સન ૨૦૦૦ પછીના સમયને "એજ આફ ટ્રુથ"ના નામથી વર્ણિત કર્યો છે અને નવરચનામાં ભારતની પ્રમુખ ભૂમિકા હોવાનો ઉલ્લેખ કર્યો છે. તેમના પુસ્તક પર એક સુવિસ્તૃત વ્યાખ્યા લખીને જૉન હોગ નામના વિદ્વાને એક નવો ગ્રંથ તૈયાર કર્યો છે. ગ્રંથનું નામ છે-"નોસ્ટ્રાડેમસ એન્ડ ધી મિલેનિયમ." આ ગ્રંથમાં તેમણે નોસ્ટ્રાડેમસના કથનનો અભિપ્રાય સ્પષ્ટ કરતાં લખ્યું છે કે સન ૧૯૯૦માં ભારતમાંથી એક એવી ચેતનાનો ઉદ્ભવ થશે, જે આખા વિશ્વને પ્રભાવિત કરશે.

ડૉ. માર્ગરેટ મીડ, હરમન કૉન, પીટર હરકોસ, વિલિયમ જેવા વિશ્વ વિખ્યાત ભવિષ્યવકતાઓએ પણ એવી સંભાવનાની

ઘોષણા કરી છે કે એકવીસમી સદીમાં મનુષ્યની દરેક સમસ્યાઓનું સમાધાન થશે અને એવી પરંપરા શરૂ થશે, જેનાથી પ્રગતિ અને શાંતિનો આધાર ખડો થઇ શકે. પ્રો. હરારે પણ કેટલી ભવિષ્યવાણીઓ કરી છે. તેમણે કહ્યું છે-"ભારત એક વિરાટ શકિતના રૂપમાં પ્રગટ થશે. તેને નવ સર્જનના ક્ષેત્રમાં અનેક દેશો અને વિશેષજ્ઞોનું સમર્થન મળશે. જીન ડિકસને પોતાના પુસ્તક "માઇ લાઇફ એન્ડ પ્રોફેસીજ"માં લખ્યું છે કે વીસમી સદીનાં અંતિમ બાર વર્ષોમાં પાશ્ચાત્ય સભ્યતા ભોગવાદ છોડી પૂર્વાત્ય સભ્યતાના શરણમાં જશે. નીતિનો વિજય થશે. વિશ્વશાંતિની સ્થાપનામાં ભારતની વિશેષ ભૂમિકા હશે. પ્રખ્યાત ભવિષ્યવકતા પ્રો. કીરોએ પણ આ મુજબની ભવિષ્યવાણી કરી છે.

પ્રખ્યાત વિદ્વાન હકસલે કામાએ પોતાના પુસ્તક "બ્રેવ ન્યૂ વર્લ્ડ"માં લખ્યું છે કે ભૂતકાળમાં જે ક્રાંતિઓ થઈ છે, તેના કરતાં મોટી એક "વિશ્વક્રાંતિ" થશે. તેમાં એકતા અને સમતાની સ્થાપના થશે. વીસમી સદીના અંતિમ બાર વર્ષોમાં તેનાં લક્ષણ જોવા મળશે. "ઇસ્લામ ભવિષ્યની આશા" પુસ્તકમાં સૈયદ કુત્વએ લખ્યું છે કે એકવીસમી સદીની શરૂઆત ધર્મ અને વિજ્ઞાનના સમન્વયથી થશે. મહર્ષિ અરવિંદના મત મુજબ સન ૨૦૦૦ પહેલાં જ આત્મબળ સંપન્ન પ્રતિભાઓમાં ઉત્કૃષ્ટ (સુપર) ચેતનાનું અવતરણ થશે, તે વ્યકિતના વિચારો બદલી નાખશે. સ્વામી વિવેકાનંદે સન ૧૮૯૭ના એક ભાષણમાં કહ્યું હતું કે ભારતના પ્રજ્ઞાવાન આગળ આવશે અને એકતા-સમતાવાળી વિશ્વ સંસ્કૃતિ-ભારતીય સંસ્કૃતિનો આખા વિશ્વમાં ફેલાવો કરશે.

પ્રખ્યાત સમાચાર પત્ર "ટાઇમ"માં ઉલ્લેખ છે કે ભવિષ્યને ઉજજવળ બનાવવા માટે અત્યારે જોરદાર પ્રયાસ ચાલી રહ્યા છે.

આજ પત્રિકાના ૨ એપ્રિલ ૧૯૮૯નો અંક ભારતના સંબંધમાં જ છે. તેમાં લખ્યું છે કે ભારત પોતાના આધ્યાત્મિક વારસા, યુવા શકિત, બુદ્ધિજીવીઓ અને પ્રતિભાશાળીઓની મોટી સંખ્યાના આધાર પર ભવિષ્યમાં આખા વિશ્વનું નેતૃત્વ કરશે. "વોશિંગ્ટન પોસ્ટ" સમાચાર પત્રમાં એક સમાચાર છાપવામાં આવ્યા હતા કે અત્યારે સૂર્યમાં અસાધારણ હલચલ થઇ રહી છે. તેનો પ્રભાવ ૧૯૮૯ સુધી અસાધારણ રૂપથી પ્રગટ થતો જોઇ શકાશે. આ પ્રભાવથી ભારતને ઊંચા શિખર પર પહોંચતું જોઇ શકાશે. આજ પ્રમાણે અન્ય વિશેષજ્ઞોના મતાનુસાર હવે અનાચારનો ધીરેધીરે અંત આવશે અને એકતા-સમતાનો નવયુગ શરૂ થશે. એકવીસમી સદીમાં સંસારમાં સુખદ્ પરિસ્થિતિઓ ઉત્પન્ન થવાનો ઉલ્લેખ ઘણી જગ્યાએ જોવા મળે છે.

ઇંગ્લેન્ડ પર જર્મની લગાતાર બૉંબ વર્ષા કરી રહયું હતું. તેના કારણે ઘણું નુકસાન થયું. ચારેયબાજુ હાહાકાર મચી ગયો હતો. તે સમયે એ દેશના પ્રધાનમંત્રી "ચર્ચિલ" હતા. તેમણે એ નિરાશા વચ્ચે એક નવો ઉદ્ઘોષ કર્યો -"વી ફોર વિકટ્રી." આ ઉદ્ઘોષ દરેક ચપ્પાં પર અંકિત કરી દેવામાં આવ્યો. તેનો ઉદ્દેશ્ય ઇંગ્લેન્ડના વિજયનો હતો. આ ઉદ્ઘોષે સૌમાં ઉત્સાહ ભરી દીધો અને લોકો ભાગવાની, નિરાશાની વાત છોડી આવેલી મુશ્કેલીઓનો હિંમતથી સામનો કરવામાં લાગી ગયા. પરિણામે નિરાશાનાં વાદળો હટી ગયાં અને અંતે વિજય મિત્ર રાષ્ટ્રોનો થયો.

પાછલાં ત્રણસો વર્ષોમાં શકિતનો અસાધારણ દુરુપયોગ થયો છે, પરિણામે ચારેયબાજુ અશાંતિ-નિરાશા છવાઇ ગઇ છે. દરેક વ્યકિત ભવિષ્ય પ્રત્યે ચિંતિત છે, ડરતાં-ડરતાં જીવી રહી છે. દરેકનું મનોબળ તૂટી રહયું છે. મનોબળ તૂટવાનું પરિણામ શું આવે છે, એ સૌ કોઇ જાણે છે. સ્થિતિને જોતાં અત્યારે સૌમાં સર્જનાત્મક ઉત્સાહ પેદા કરવાની જરૂર છે. સૌ કોઇ નવસર્જનના

કાર્યોમાં લાગી જાય એવું વાતાવરણ તૈયાર કરવાની જરૂર છે. આ દૃષ્ટિથી "એકવીસમી સદી એટલે ઉજ્જવળ ભવિષ્ય"નો ઉદ્‌ઘોષ લોકોના ગળે ઉતારવાનો છે, મનમાં ઠસાવી દેવાનો છે. આ પ્રયોજનની પૂર્તિ માટે શાંતિકુંજ દ્વારા જે વાતાવરણ તૈયાર કરવામાં આવી રહયું છે, તેનું મહત્વ સમજવું જોઇએ. દૃઢ વિશ્વાસ સાથે એવા પ્રયત્નો શરૂ કરી દેવા જોઇએ કે જે પાછલા દિવસોમાં થયેલા નુકસાનની પૂર્તિ આગલા દિવસોમાં કરી શકે.

## એકવીસમી સદીની આધ્યાત્મિક ગંગોત્રી

**શાં**તિકુંજમાં યુગ સંધિ મહાપુરશ્ચરણની શરૂઆત થઇ ગઇ છે. તે બાર વર્ષ સુધી ચાલશે. એક મત પ્રમાણે બાર વર્ષનો એક યુગ પણ હોય છે. સૂક્ષ્મ જગતમાં દર બાર વર્ષોમાં કેટલાક મહત્વપૂર્ણ ફેરફાર થાય છે. કેટલીય તપ સાધનાઓનાં વિધાન એવાં છે, જે બાર વર્ષે પૂરાં થાય છે. યુગ સંધિ પણ બાર વર્ષની છે. અત્યારે શાંતિકુંજમાં વ્યાપક ધર્માનુષ્ઠાન શરૂ થઇ ગયું છે અને કેટલાંય સર્જનાત્મક, સુધારાત્મક કાર્યો પણ શરૂ કરવામાં આવ્યાં છે. યુગ સંધિ મહાપુરશ્ચરણી સાથેસાથે નવ દિવસનાં અને એક મહિનાનાં સત્ર પણ ચાલી રહયાં છે. આ સત્રોમાં સાધનાત્મક તપશ્ચર્યાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ભાગ લેનારને પ્રતિભા પરિષ્કારનો પણ લાભ મળશે. દર મહિને એક માસનાં સત્ર પણ ચાલતાં રહેશે. જેમને વધારે સમય ન મળતો હોય, તેઓ નવ દિવસનાં સત્રોમાં ભાગ લઇ શકે છે. નવ દિવસનાં અને એક મહિનાના બંને સત્રો સાધના પ્રધાન છે. તેમાં શિક્ષણની એવી વ્યવસ્થા છે, જે વ્યકિતત્વને નિખારવામાં અને પ્રતિભા પરિષ્કારમાં કામ આવી શકે.

સાધના બાર વર્ષની છે, તેથી લોકો સત્રોમાં તેનો શુભારંભ

કરી, પોતપોતાના ગામમાં સાપ્તાહિક સત્સંગના રૂપમાં સામૂહિક ઉપાસનાનો ક્રમ ચલાવે છે. તેમાં વધારેને વધારે લોકો ભાગ લે એ માટેનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રમાણે ઉપાસનાનો આ ક્રમ વધારેને વધારે વિસ્તૃત બનતો જાય છે. નજીકના ભવિષ્યમાં આ ક્રમમાં લાખો લોક સેવકો સક્રિય જોવા મળશે.

પ્રાચનીકાળમાં વાનપ્રસ્થ પરંપરા ચાલતી હતી, તેથી લોક સેવકોની ક્યારેય કમી નહોતી પડતી. અત્યારે આવી પરંપરા શરૂ કરવી કોઇ મુશ્કેલ કામ નથી. થોડો પ્રયાસ કરવામાં આવે, તો દરેક પરિવારમાંથી એક ભાવનાશીલ વ્યકિત જન કલ્યાણના કાર્ય માટે તૈયાર થઇ શકે છે. બુદ્ધ અને ગાંધીના આંદોલનોમાં ભાગ લેનારાઓની સંખ્યા જોતજોતામાં લાખો સુધી પહોંચી ગઇ હતી. હવે ફરીથી એવી જ પરંપરા સમયની માંગ પૂરી કરવા શરૂ થવી જ જોઇએ, ન થઇ શકે એવું કોઇ કારણ નથી. એકલા ભાગીરથ જો ગંગાને સ્વર્ગમાંથી ધરતી પર ઉતારી શકતા હોય, તો નવ સર્જન માટે યુગ શિલ્પીઓ તૈયાર કરવાની દૈવી ઇચ્છા પૂરી ન થઇ શકે, એવું કોઇ કારણ નથી. અનેક પ્રતિભાઓ દરેક ક્ષેત્રમાં પોતાનો ચમત્કાર બતાવી શકે છે. જયારે જરૂર ઊભી થાય છે, ત્યારે વસંતી પુષ્પોની માફક પ્રતિભાશાળીઓ પેદા થાય છે.

એકવીસમી સદીને પણ બીજાું ગંગાવતરણ કહી શકાય છે અને તેનું ઉદ્‌ગમ શાંતિકુંજ સમજી શકાય છે. યમુનોત્રીથી યમુના નીકળે છે. અમરકંટકથી નર્મદા, બ્રહ્મપુત્ર માનસરોવરથી નીકળે છે. બાદમાં તેનો પ્રવાહ અને વિસ્તાર વધતો જાય છે. એકવીસમી સદી એટલે ઉજજવળ ભવિષ્યનો ઉદ્‌ઘોષ જે પાંચજન્યથી અંતરિક્ષને ગુંજિત કરી રહયો છે, તેને કોઇ ચાહે તો શાંતિકુંજ પણ કહી શકે છે. ગંગાની ગોદ, હિમાલયની છાયા, સપ્તઋષિઓની તપસ્થળી સિવાય આ ભૂમિને દિવ્ય સાધનાઓ અને યજ્ઞ દ્વારા પવિત્ર અને સશકત બનાવવામાં આવી છે. દિવ્ય સંરક્ષણ

અને દિવ્ય વાતારવણની અહિયાં કોઇ કમી નથી. આવી અનેક વિશેષતાઓના કારણે દૈવી ચેતનાએ આ આશ્રમને યુગ અવતરણ માટે ભાગીરથી પ્રયત્ન કરવાનો કાર્યભાર સોંપ્યો છે.

અત્યંત વ્યસ્ત, અશકત, લોકો માટે એક સરળ સાધના યુગ સંધિ મહાપુરશ્ચરણની અંતર્ગત શરૂ કરવામાં આવી છે. સવારે વહેલા ઊઠી કોઇ પણ વ્યકિત પાંચ મિનિટની સાધના કરી શકે છે. સાધના આ પ્રમાણે છે–સવારે વહેલા ઊઠી ધ્યાનમાં જ હરિદ્વાર પહોંચવામાં આવે. ગંગામાં સ્નાન કરી, શાંતિકુંજ પહોંચવામાં આવે અને ગાયત્રી મંદિર અને યજ્ઞ શાળાની પરિક્રમા કરવામાં આવે. અખંડ દીપક પાસે પહોંચી, ત્યાં બેસી દસવાર જપ કરવામાં આવે અને માતાજી પાસેથી ભકિતનું અને ગુરૂદેવ પાસેથી શકિતનું અનુદાન લઇ પોતાની જગ્યાએ પાછું ફરવામાં આવે. આ ધ્યાનમાં લગભગ પાંચ મિનિટનો સમય લાગે છે. પાંચ મિનિટનો સમય તો કોઇ પણ વ્યકિત ફાળવી શકે છે. જેમની પાસે વધારે સમય છે, તેઓ ગાયત્રી મંત્રનો જપ અને સૂર્યનું ધ્યાન પોતાની સુવિધાનુસાર કરી શકે છે.

સાધનાનો આ ક્રમ સન ૨૦૦૦ સુધી સતત ચાલતો રહેશે. આ મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિ સન ૨૦૦૧માં થશે. આશા રાખવામાં આવી છે કે તેમાં એક કરોડ સાધકો ભાગ લેશે. મોટી સંખ્યામાં સાધકો જયારે એક જ લક્ષ્ય પ્રાપ્તિ માટે સાધના કરે છે, ત્યારે એક પ્રચંડ શકિત પેદા થાય છે. તેથી આ પૂર્ણાહુતિનું પ્રતિફળ અસાધારણ હશે. નવસર્જનની અનેક ધારાઓ તેમાંથી ફૂટી નીકળશે અને અનેક કામ સફળતાપૂર્વક પૂરાં થશે.

## આ પૂર્ણાહુતિનાં સત્પરિણામ

સન ૧૯૫૮માં ગાયત્રી તપોભૂમિ, મથુરાના સંરક્ષણમાં એક

સહસ્ત્રકુંડી ગાયત્રી મહાયજ્ઞ થયો હતો. તેમાં ચાર લાખ સાધકો આવ્યા હતા. દર્શકો તો કુલ પંદર લાખ હતા. આ બધા સાધકોને ભેગા કરી લગભગ ૬ હજાર શાખા-સંગઠન બનાવવામાં આવ્યાં હતાં અને ભારતની દેવ સંસ્કૃતિને નવજીવન પ્રદાન કરવાનો સૌએ સંકલ્પ લીધો હતો. પાછલાં ત્રીસ વર્ષોમાં જે નવ સર્જનનાં કામ પૂરાં થયાં છે, તે યજ્ઞનું જ સત્પરિણામ છે. સન ૨૦૦૧માં એક કરોડ સાધકો દ્વારા જે પૂર્ણાહુતિ થશે, તેનો ધક્કો એક સો વર્ષો સુધી પોતાની શકિતનો પરિચય આપતો રહેશે અને ધરતી પર સ્વર્ગ જેવું વાતાવરણ તૈયાર થશે. યુગ સંધિ મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિમાં ઉપસ્થિત પરિજનોને પોતપોતાની યોગ્યતા અને સ્થિતિ મુજબ નવનિર્માણનાં કામ સોંપવામાં આવશે.

અત્યારે એક લાખ સૃજન શિલ્પીઓને તૈયાર કરી તેમને કાર્યક્ષેત્રમાં ઉતારવાની વાત અસંભવ જેવી લાગે છે, પરંતુ જો તેના માટે સાચા મનથી પ્રયત્ન કરવામાં આવે, તો આ કામ પૂર્ણ થવામાં વધારે સમય નહિ લાગે. એકને જોઇ બીજી વ્યકિત સારી પરંપરા અપનાવવા માટે તૈયાર થશે. સંસારમાં એવો કોઇ માણસ નથી, જે પોતાના ગુજારા સિવાય જન કલ્યાણનું કામ ન કરી શકે. બિહાર પ્રાંતના હજારી ખેડૂતે પોતાના વિસ્તારમાં એક હજાર આંબાવાડિયાં લગાવવાનું નકકી કર્યું અને સાચી લગન ઉત્સાહથી એ કામમાં લાગી ગયો, તો એ પૂરું થઇને જ રહ્યું. ખેડૂતની લગન-ઉત્સાહ જોઇને લોકોએ એ વિસ્તારનું નામ હજારીબાગ રાખ્યું. અત્યારે પણ એ વિસ્તાર હજારીબાગના નામે પ્રખ્યાત છે. પ્રશ્ન યોગ્યતા યા સુવિધાનો નથી, પ્રશ્ન લગનનો છે. સાચી લગન હોય તો શું નથી થઇ શકતું ? સ્વાર્થપરાયણતાની બેડીયોમાં જકડાયેલા લોકો માટે તો પોતાની જ ઇચ્છા પૂરી કરી શકવી મુશ્કેલ છે, તો સમાજ માટે તેઓ શું કરી શકવાના ? પરંતુ ઉદાર લોકો થોડો સમય, શ્રમ બચાવી લોકમંગળનાં અનેક કામ કરી પોતાનો

ઈતિહાસ અમર બનાવી શકે છે. વિશ્વાસ છે કે આવું જ વાતાવરણ એકવીસમી સદી આવતા પહેલાં તૈયાર થઇ જશે.

## શિક્ષણ સત્ર વ્યવસ્થા

**પ્ર**તિભા પરિષ્કાર અને નવ સર્જનનો રાજમાર્ગ તૈયાર કરવામાં શાંતિકુંજ પોતાની આગવી ભૂમિકા સંપન્ન કરી રહ્યું છે. તેમાં યુગ શિલ્પીઓને તૈયાર કરવાનું કામ મુખ્ય છે. ઓછા સમયમાં અને ઓછાં સાધનો દ્વારા વધારે લોકોને પ્રશિક્ષિત કરવા માટે નાનાં શિક્ષણ સત્ર રાખવાં પડે છે. વિશેષ યોગ્યતા મેળવવા માટે એક મહિનાનાં અને જેમને વધારે સમય ન મળતો હોય તેમના માટે નવ-નવ દિવસનાં શિક્ષણ સત્રોની વ્યવસ્થા છે. દર મહિને ૧ થી ૯, ૧૧ થી ૧૯ અને ૨૧ થી ૨૯ તારીખ સુધીમાં આ સત્રો પૂરાં થાય છે. આ સત્રોમાં જેમને ભાગ લેવાની ઇચ્છા હોય, તેમણે શાંતિકુંજ, હરિદ્વારના સરનામે પોતાનો પૂરો પરિચય મોકલી આપી સ્વીકૃતિ મેળવી લેવી જોઇએ. જો જગ્યા ભરાઇ ગઇ હશે, તો તેમને આગલા સત્રની સ્વીકૃતિ મોકલી આપવામાં આવશે.

શિક્ષિત, સમર્થ, ઉત્સાહી અને અનુશાસન પ્રિય પુરુષોની માફક સુયોગ્ય મહિલાઓ પણ આ સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લઇ શકે છે. તેમના માટે પૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોવાળી મહિલાઓને સત્રમાં સ્વીકૃતિ આપવામાં આવતી નથી. કારણ કે બહુ નાનાં બાળકો શિક્ષણ વ્યવસ્થામાં ગરબડ ઊભી કરે છે. માતાઓનું જ નહિ, બીજા શિક્ષાર્થીઓનું પણ ધ્યાન તેમની તરફ જાય છે. તેથી મહિલાઓ પર બાળકો સંબંધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# વર્તમાન સમયનું મહાન આંદોલન-નારી જાગરણ

યુગ સંધિનાં આ બાર વર્ષોમાં એક મોટું આંદોલન શરૂ થઇ રહયું છે. તે છે-મહિલા જાગરણ. મહિલા જાગરણ માટે બહુ લાંબા સમયથી પ્રયત્નો ચાલતા રહયા છે. ન્યાયશીલતા શરૂથી જ એ પ્રતિપાદન કરતી રહી છે કે "નર ઔર નારી એક સમાન"નું તથ્ય સનાતન છે. ગાડીના બંને પૈડાંને સરખું મહત્વ મળવું જ જોઇએ. મનુષ્ય જાતિના નર અને નારી બંને પક્ષને સમાન શ્રેય, સન્માન, મહત્વ અને અધિકાર મળવા જોઇએ. આ પ્રતિપાદન હોવા છતાં પણ બલિષ્ઠતાના અહંકારે પુરુષો દ્વારા નારીને પાલતૂ પશુ જેવી માન્યતા આપી અને તેના શોષણમાં કોઇ પણ પ્રકારની કમી ન રાખી. સુધારકોના પ્રયત્નો પણ અમુક હદ સુધી જ સફળ થયા છે. જેવું પરિવર્તન થવું જોઇએ, તેવું થયું નથી. પરંતુ અત્યારનો સમય અનોખો છે, તેમાં વર્ષોથી ચાલતી આવેલી કુરીતિયોની સાંકળો કાચા દોરાની માફક તૂટી જશે. યુગ સંધિનું આ પહેલું વર્ષ છે. તેમાં ભારતની મહિલાઓને શાશકીય વ્યવસ્થામાં ૩૦ ટકા પ્રતિનિધિત્વ મળી રહયું છે. નજીકના ભવિષ્યમાં તેનું પ્રમાણ માત્ર ભારતમાં જ નહિ, આખા વિશ્વના ખૂણેખૂણામાં વધતું જોવા મળશે.

ચાલુ વર્ષે ઉગતા સૂર્યના દેશ જાપાનની ટોકીયો એસેમ્બલીની ચૂંટણીમાં પચાસમાંથી ઓગણ પચાસ સીટો શ્રીમતિ ટકોકા ડોઇના નેતૃત્વમાં મહિલાઓ જીતીને પુરુષોના વર્ચસ્વને જબરદસ્ત ફટકો માર્યો. હમણાં જ ૨૩ જુલાઇની ચૂંટણીમાં સત્તારૂઢ પાર્ટીને માત્ર ૩૬ સીટો મળી, જયારે કે ટકોકા ડોઇની પાર્ટીને ૪૬ સીટો મળી હતી. પાછલા ૩૫ વર્ષોમાં પહેલી વાર લિબરલ ડેમોક્રેટિક પાર્ટીને ઓછા મત મળ્યા. ડેમોક્રેટિક પાર્ટીના પ્રધાન શ્રી ઉનોને

ત્યાગ પત્ર આપવું પડયું. હવે થોડા જ સમયમાં શ્રીમતિ ટકોકા ડોઇ પ્રધાન મંત્રી બની જશે. તેના મંત્રી મંડળમાં મોટેભાગે મહિલાઓ જ હશે. આ પ્રમાણે અન્ય સમૃદ્ધ દેશોમાં નારીની સ્થિતિ લગભગ પુરુષ સમાન પહોંચી ગઇ છે અને તે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાનો પરિચય આપી રહી છે. આ બધું જોઇ કોઇ એવું નહિ કહી શકે કે તે પુરુષ કરતાં કોઇપણ પ્રકારે પાછળ છે. ઈસ્લામ ધર્મમાં નારી પર વધારે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ધર્મમાં શાસન સત્તા નારીને સોંપવાનું વિધાન નથી. છતાં પણ ચાલુ વર્ષે પાકિસ્તાનની શ્રીમતી બેનઝીર ભુટ્ટોએ પ્રધાનમંત્રીનું પદ છીનવી લીધું અને એક નવી પરંપરાને જન્મ આપ્યો.

અત્યારે જે નારી જાગરણ આંદોલન શરૂ થઇ ગયું છે, તેનાથી આત્મવિશ્વાસ વધશે. પ્રગતિ પથ પર આગળ વધવાનો ઉત્સાહ પેદા થશે. અત્યારે પુરુષોનું વલણ તેના માર્ગમાં અવરોધ પેદા કરવાનું નહિ, પરંતુ તેના કાર્યમાં સહયોગ આપવાનું છે.

શાંતિકુંજે નિશ્ચય કર્યો છે કે ભારતના દરેક ગામડાં-શહેરોમાં જઇને મહિલાઓને ભાવિ સંભાવનાઓની જાણકારી આપવામાં આવે અને તેમને પ્રગતિશીલ બનાવવા માટે તેમનામાં ઉત્સાહ પેદા કરવામાં આવે. તેના માટે પહેલો કાર્યક્રમ ૨૪ હજાર દીપયજ્ઞો પૂરા કરવાનો છે. આ દીપયજ્ઞોમાં મહિલાઓને એકત્રિત કરવામાં આવશે અને તેમનું સંગઠન બનાવવામાં આવશે. તેના માટે શિક્ષિત મહિલાઓને કમાન સંભાળવા માટે વિશેષ રૂપથી આમંત્રણ આપવામાં આવ્યું છે. શિક્ષિત મહિલાઓ પોતપોતાના વિસ્તારમાં દીપયજ્ઞો કરાવશે.

દીપયજ્ઞો એકદમ સરળ, ખર્ચ વગરના અને અતિ પ્રેરણાપદ સાબિત થયા છે. તેમાં પાછલા દિવસોમાં પુરુષ પ્રધાન દીપયજ્ઞો અપેક્ષા કરતાં વધારે સફળ થયા છે. દીપયજ્ઞોમાં ઉપસ્થિત પરિજનોએ આત્મપરિષ્કાર અને લોકમંગળના કાર્યો કરવાના

સંકલ્પ લીધા છે. આ વર્ષે મહિલા પ્રધાન યજ્ઞોનો વારો છે. પુરુષ તેમાં સહયોગીની માફક હાજર રહેશે અને તેને સફળ બનાવવા માટે યોગદાન આપશે. આ આંદોલનને સફળ બનાવવા માટે જરૂરી જીપ ગાડીયો, મોટર સાઇકલ અને સામાન્ય સાયકલોની વ્યવસ્થા કરવામાં આવી છે. કેન્દ્રમાંથી જીપગાડીયો મોકલવા કરતાં સ્થાનીય પરિજનો તેની વ્યવસ્થા કરે એ માટે તેમને વિશેષ રૂપથી પ્રોત્સાહિત અને પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા છે. આયોજનની સાથે સાથે મહિલા મંડળોની પણ સ્થાપના કરવામાં આવશે. એકથી પાંચ, પાંચથી પચ્ચીસ બનાવવાનો ઉપક્રમ નવસર્જનનો આધારભૂત સિદ્ધાંત છે. આ આધાર પર જીવંત-જાગૃત મહિલાઓની ટોળીઓ દરેક ક્ષેત્રમાં કામ કરતી જોવા મળશે.

મહિલા આંદોલન બે કાર્યક્રમ હાથમાં લેશે. પહેલું શિક્ષા અને સ્વાવલંબનના શિક્ષણને પ્રોત્સાહ, બીજું ધૂમ-ધામવાળા ખર્ચાળ લગ્નોનો વિરોધ. પરંપરાવાદના નામ પર મૂઢ માન્યતાઓ, અંધ પરંપરાઓ, કુરીતિઓ, કુંઠાઓએ નારી સમાજને પોતાની ચુંગલમાં જકડી રાખ્યો છે. ખર્ચાળ લગ્નોએ છોકરા-છોકરીઓ વચ્ચે અંતરની મોટી દીવાલ ઊભી કરી છે. આ દિવાલને તોડી પાડવા માટે અત્યારનો સમય શ્રેષ્ઠ છે. વહુ અને બેટી વચ્ચેનું અંતર સમાપ્ત કરનારો દૃષ્ટિકોણ આ આંદોલન સાથે જોડાયેલો છે. તેને ભાવિ પેઢીનું નેતૃત્વ કરવાનું છે, તેથી તેને શિક્ષિત, સુયોગ્ય, પ્રવીણ અને પ્રગતિશીલ બનાવવી અત્યંત જરૂરી છે. ચોવીસ હજાર દીપયજ્ઞોમાં મહિલા સંગઠનનું એક અતિ મહત્વપૂર્ણ કામ પૂરું કરવામાં આવશે. મહિલાઓને દરેક દૃષ્ટિએ સુયોગ્ય બનાવવામાં બિલકુલ કમી રાખવામાં નહિ આવે. તેમનામાં ઉત્સાહ પેદા કરવામાં આવશે.

આશા રાખવામાં આવી છે કે આગલાં પાંચ વર્ષોમાં એક પણ

નારી અશિક્ષિત નહિ રહે અને ખર્ચાળ લગ્નોનું પ્રચલન પણ ક્યાંય જોવા નહિ મળે. મહિલાઓ દરેક ક્ષેત્રમાં પુરુષો સાથે ખભે ખભા મેળવીને કામ કરતી જોવા મળશે.

યુગ શિલ્પીઓ તૈયાર કરવાની સાથેસાથે એક યોજના એ પણ છે કે બાળકોવાળી મહિલાઓ પોતાની આસપાસના ક્ષેત્રમાં કામ કરે અને જેમની પર બાળકોની જવાબદારી નથી તેઓ નારી ઉત્થાન, ઘરઘર અલખ જગાવવા માટે સાચા અર્થોમાં દેવીની ભૂમિકા સંપન્ન કરી બતાવે.

અત્યારે મહિલા વર્ગમાં સાક્ષરતા સંવર્ધનનું તોફાની આંદોલન જોડાયેલું રહેશે. સાક્ષર થતાં જ દરેક મહિલાઓને એવું સાહિત્ય આપવામાં આવશે, જે તેમને નવયુગને અનુરૂપ ચેતના પ્રદાન કરવામાં સમર્થ હોય. પુરુષોમાં પ્રતિભા સંવર્ધન આંદોલન ચલાવવા સિવાય, નારી જાગરણ સંબંધી સાહિત્યનું વિતરણ પણ જરૂરી છે. શાંતિકુંજે આવું સાહિત્ય દેશની દરેક ભાષાઓમાં પ્રકાશિત કરવાનો નિશ્ચર્ય કર્યો છે.

## વિચાર ક્રાંતિ-જનમાનસનો પરિષ્કાર

નાનું મકાન બનાવવામાં કેટલાં સાધન ભેગાં કરવાં પડે છે, એ દરેક ભુકતભોગી બહુ સારી રીતે જાણે છે, તો પછી આ ખંડેર જેવી દુનિયાને નવયુગના ભવ્ય ભવનના રૂપમાં વિકસિત કરવી હોય તો કેટલાં સાધનોની-કેટલી પ્રતિભાઓની જરૂર પડશે, તેનું સહજ અનુમાન લગાવી શકાય છે. સુધાર અને સર્જનના બંને મોર્ચા પર બે ધારી તલવારથી લડવું પડશે. આ કામ જેટલું ધારીએ છીએ એટલું સરળ નથી. સમુદ્ર પર પુલ બાંધવા, લંકા દહન, સંજીવની બુટ્ટીવાળો પર્વત ઉખાડી લાવવા જેટલું જ મુશ્કેલ કામ છે. તેને ગોવર્ધન ઉઠાવવાની ઉપમા આપી શકાય છે અને અગત્સ્ય દ્વારા સમુદ્ર પીજવા જેવું અદ્દભુત પણ કહી શકાય છે.

પ્રાચીન કાળમાં દુનિયાની વસ્તી બહુ ઓછી હતી. બે હજાર વર્ષો પહેલાં સંસારમાં લગભગ ત્રીસ કરોડ લોકો રહેતા હતા. તેમાંથી થોડાઘણા લોકો ઉદંડ હતા અને તોડફોડમાં લાગી ગયા હતા. તેમને તેમ કરતા અટકાવવા માટે ભગવાન પરશુરામે કુહાડો ઉઠાવ્યો હતો અને અનાચારીઓના ચિંતનને બદલી નાખ્યું હતું. અત્યારે સંસારની વસ્તી ૬૦૦ કરોડ છે. તેમાંથી મોટાભાગના લોકોના ચિંતનમાં વિકૃતી આવી ગઇ છે. મોટાભાગના લોકોનું ચિંતન માનવતાના ગૌરવને અનુરૂપ રહ્યું નથી. અવાંછનીયતા દરેક ક્ષેત્ર પર પોતાનો કબજો જમાવી રહી છે. તેના માટે વિશ્વવ્યાપી વિચારક્રાંતિની જરૂર છે.

એક પ્રયોજન માટે શરૂ કરવામાં આવેલી નાની-મોટી ક્ષેત્રીય ક્રાંતિઓ કેટલી ભારે પડી છે, એ ઈતિહાસ વેત્તા બહુ સારી રીતે જાણે છે. હવે લોકોના ચિંતનમાં આવેલી વિકૃતિ દૂર કરવાની છે. આજ જન માનસનો પરિષ્કાર છે. અવાંછનીયતાઓનું ઉન્મુલન અને સત્પ્રવૃત્તિઓનું સંવર્ધન પણ આજ છે. સંસારના ૬૦૦ કરોડ લોકોના ચિંતનને બદલવાનું કામ એટલું મોટું છે કે તેના માટે હજારો પરશુરામ પણ ઓછા પડશે. આટલું હોવા છતાં પણ એ નિશ્ચિત છે કે અનાચારનો અંત આવીને જ રહેશે. શાલીનતા, આત્મીયતા, સદ્ભાવના અને સહકારિતાનો નવયુગ આવશે. આ પુણ્ય પ્રવાહને પ્રગતિશીલ કરવા માટે અસંખ્ય ભગીરથોની જરૂર પડશે. ધ્વંસ સરળ છે અને સૃજન મુશ્કેલ છે. માચિસની એક જ સળી આખા છાપરા અને ગામ-મોહલ્લાને બાળીને ભસ્મ કરી શકે છે, પરંતુ એક ગામ વસાવવા માટે ઘણાં સાધન જોઈએ.

## સર્જનનાં કાર્યો માટે સમયદાન

યુગ સંધિનાં આગલાં દસ વર્ષોમાં શાંતિકુંજને કેટલાંય અતિ

મહત્વપૂર્ણ કામ પૂરાં કરવાનાં છે. જે કામ હાથમાં લેવામાં આવ્યાં છે, તેને બહુ ઝડપથી પૂરાં કરવામાં આવી રહયાં છે. આ સમય ગાળામાં એક લાખ સૃજન શિલ્પીઓને તૈયાર કરી, તેમને કાર્યક્ષેત્રમાં ઉતારવાના છે. તેઓ નિયમિત રીતે પોતાના વિસ્તારમાં સર્જનનાં કામ કરતા રહેશે. તેના માટે શકય એટલો વધારે સમય ફાળવશે. સન ૨૦૦૦ સુધીમાં આ મહા પરિવર્તનના એક કરોડ ભાગીદાર બનાવવાની યોજના છે. યુગ સંધિ મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિ એક કરોડ સાધકો દ્વારા થશે અને પૂર્ણાહુતિમાં ઉપસ્થિત પરિજનો ભવિષ્યમાં જે કામ કરવાનાં છે, તેનો સંકલ્પ લઇ પાછા ફરશે.

અત્યારે જેઓ શિક્ષિત છે, તેઓ ઓછામાં ઓછા દસ અશિક્ષિતોને શિક્ષિત બનાવવાનો સંકલ્પ લે. અશિક્ષિત લોકોને આ આધાર પર જ શિક્ષિત બનાવવાના છે. આ આંદોલન શિક્ષા સંવર્ધનનું એ કાર્ય પૂરું કરશે, જે અસંખ્ય નવી શાળાઓ શરૂ કરવાથી અને તેની પાછળ અઢળક ધન ખર્ચ કરવાથી પણ સંભવ નથી.

કુપ્રચલનોમાંથી ખર્ચાળ લગ્નો બંધ કરાવવાનાં છે. દહેજનો વિરોધ કરવાનો છે. જેઓ સમજાવવા છતાં પણ સાદાઈથી લગ્ન કરવા તૈયાર ન થાય તેમના ઘરના લગ્ન પ્રસંગે ગેર હાજર રહી પોતાનો વિરોધ દર્શાવવો જોઈએ. આમ કરવાથી ખર્ચાળ લગ્નો પર અંકુશ મૂકાશે, સાથેસાથે કુપ્રચલન, અનાચાર, અંધ વિશ્વાસ ઓછો થશે અને ધીરેધીરે સમાપ્ત થઇ જશે. દરેક વ્યકિતને નવ સર્જનના કાર્યો માટે સમયદાન અને અંશદાન આપવા માટે રાજી કરી લેવામાં આવશે. પછી તો એમના થોડા સહયોગથી દરેક ક્ષેત્રમાં અનેક સર્જનાત્મક સત્પ્રવૃત્તિઓ ફળવા-ફૂલવા લાગશે.

અશિક્ષાની નિદ્રામાંથી જયારે બે તૃતીયાંશ જન સમુદાય જાગશે અને ચેતન સ્થિતિમાં પહોંચશે, ત્યારે તેમની જ્ઞાન પિપાસા

વધશે. બૌદ્ધિક ક્ષુધા એમને આકુળ-વ્યાકુળ કરી રહી હશે. જો તેની પૂર્તિ ઉપયુકત યુગ સાહિત્યથી નહિ થાય, તો તેઓ અભક્ષ્ય ભોજનની માફક ફાલતૂ સાહિત્ય વાંચવા લાગશે અને અવળે માર્ગે ચઢી જશે. તેથી આવનાર નવયુગના મનુષ્ય માટે નવું સાહિત્ય દરેક ભાષામાં પ્રકાશિત કરવાની જરૂર છે. નવા સાહિત્યની વ્યવસ્થા કરવાનું કામ મુશ્કેલ છે, તેમ છતાં પણ પૂરું કરવામાં આવશે.

અત્યારે પ્રજ્ઞા પરિજનો જ પ્રમુખ રૂપથી નવ સર્જનનું આંદોલન જન સ્તર પર ચલાવી રહયા છે, પરંતુ ભવિષ્યમાં આ સમુદ્ર મંથનમાં પ્રતિભાશાળી પરિજનો ભાગ લેશે. મનીષી, ધનવાનો, પ્રતિભાશાળીઓ, કલાકારોના વિચારોમાં પરિવર્તન આવશે અને તેઓ પણ આ આંદોલનમાં જોડાઇ જશે. આજે જેઓ માત્ર પોતાનો જ સ્વાર્થ જુએ છે, તેમને સમયની માંગ નવ સર્જનના કાર્યો હાથમાં લેવા માટે મજબૂર કરશે. ત્યાગ કરવાની વૃત્તિ સામાન્ય લોકોમાં બહુ ઓછી જોવા મળે છે, પરંતુ મુશ્કેલીના સમયમાં તેમના અંતરાળમાં રહેલી અંત:ચેતના તેમણે કોઇ દિવસ કર્યા ન હોય એવાં કામ કરાવશે. બુદ્ધના સમયમાં લાખો પરિવ્રાજકો, ગાંધીજીના સમયમાં લાખો સત્યાગ્રહીઓ અચાનક પેદા થઇ ગયા હતા. આ બધું એ બતાવે છે કે સમયની માંગને બહેરા-મૂંગા ભલે ન સાંભળતા હોય, પરંતુ ચેતન-સ્વસ્થ વ્યકિત યુગ ધર્મનું પાલન કરવાનો કેવી રીતે ઇન્કાર કરી શકે? આવા પ્રાણવાન પરિજનોને ઢંઢોળવા અને તેમને નવ સર્જનના કાર્યમાં લગાવવા માટે શાંતિકુંજનું તંત્ર અત્યારથી જ તેની તૈયારી કરી રહ્યું છે. એકવીસમી સદીમાં પ્રાણવાન પરિજનોની કોઇ કમી નહિ રહે. હિમાલયમાંથી અનેક નદીઓ નીકળે છે. તેવી રીતે શાંતિકુંજમાંથી પણ અસંખ્ય દિશા-પ્રેરણાનાં ઝરણાં નીકળતાં જોવા મળશે. આજ જનરેટરની વીજળીથી અનેક કામ ચાલતાં જોવા મળશે.

# દૈવી સત્તાનું સૂત્ર સંચાલન

વિશ્વાસ કરવો જોઈએ કે આવાં મોટાં કામ મહાકાળના સંરક્ષણમાં, તેમની જ બનાવેલી યોજના મુજબ પૂરાં થશે. એજ રાઈને પર્વત અને પર્વતને રાઈ બનાવે છે. સૃષ્ટા નિરાકાર હોવાના કારણે તે કુંભારની માફક રચના કરતો જોવા મળતો નથી. મહાન કાર્ય મહાન વ્યકિતઓ દ્વારા પૂરાં થતાં રહયાં છે. આ મહાનતા સામાન્ય મનુષ્યની નહિ, આ મહાનતા તેની છે, જે સર્જન, પાલન અને પોષણ માટે પૂરી રીતે જવાબદાર છે. એજ સમય-સમય પર ધર્મની હાનિ અને અધર્મના પૂરને રોકવા માટે પોતાની શકિતના અનોખા પ્રયોગ કરે છે. મનુષ્ય જેવું અદ્ભુત પ્રાણી જેણે બનાવ્યું, જેના નેતૃત્વમાં સંસારની વ્યવસ્થા ચાલી રહી છે, તે જે યોજના બનાવે તે અધૂરી કેવી રીતે રહેશે ?

મહત્વપૂર્ણ કાર્યો તો ભગવાન કરે છે અને તેનું શ્રેય મનુષ્યને મફતમાં મળી જાય છે. કામ ચેતના કરે છે અને શ્રેય શરીરને મળે છે. આંધી-તોફાનમાં પાંદડાં અને તણખલાંઆકાશમાં ઉડવા લાગે છે. નદીના પ્રવાહમાં તણાતું લાકડું કોઈ પણ પ્રકારનો શ્રમ કર્યા વગર સમુદ્રમાં પહોંચી જાય છે. સુદામા, નરસિંહ મહેતા, વિભીષણ, સુગ્રીવ, શબરી, ખિસકોલી, રીંછ-વાનરોને જે શ્રેય મળ્યું, તેમાં દૈવી સત્તાનો જ હાથ હતો. અત્યારે એ દૈવી સત્તા શ્રેયાધિકારીઓને શ્રેય આપવા માટે ઉત્સુક છે, પ્રયત્નશીલ છે. શ્રેયાધિકારીઓ આગળ આવે અને એ શ્રેય પ્રાપ્ત કરે, જે અસંખ્ય લોકો માટે પ્રેરણાપ્રદ બને તથા અનંતકાળ સુધી અનુકરણીય-અભિનંદનીય બની રહે.

દૈવી સત્તા આપણી અંદર મોજૂદ છે. તેને આત્મ પરિષ્કાર અને લોક મંગળની સાધના દ્વારા જરૂરી સહયોગ માટે આમંત્રિત કરી શકાય છે. અર્જુન-હનુમાનને આવો જ દિવ્ય સહયોગ મળ્યો

હતો. યુગ નિર્માણ યોજના દ્વારા પૂરાં થયેલાં લોક મંગળના અસંખ્ય કાર્યો કોઇ વ્યકિત વિશેષના પુરુષાર્થથી નહિ, પરંતુ દૈવી પ્રેરણા અને સહયોગના આધાર પર પૂરાં થયાં છે. કોઇ કામ અધૂરું રહી ગયું હોય, એવું કયારેય નથી બન્યું.

શાંતિકુંજે સન ૧૯૮૯થી લઇને સન ૨૦૦૦ સુધીની એક સુવિસ્તૃત યોજના અને કાર્ય પદ્ધતિ તૈયાર કરી છે. વાતાવરણમાં અસાધારણ ઉત્સાહ અને સાહસ પેદા કરવાનો પ્રયત્ન કર્યો છે. આશા રાખવી જોઇએ કે તેની પાછળ દૈવી સત્તાનો સહયોગ જોડાએલો હોવાને કારણે તેમાં અવશ્ય સફળતા મળશે.

આ મિશનના સંસ્થાપક, સંચાલક કહે છે કે પોતાના ૮૦ વર્ષના જીવનમાં જે કામ કર્યાં છે, તેમાંથી મોટાભાગનાં કામ દૈવી સત્તાના સહયોગથી જ પૂરાં થયાં છે. સ્થૂળ શરીરથી તો થોડું ઘણું કામ થઇ શકયું છે. તેમની સાધારણ મનઃસ્થિતિ અને સાધનો જોતાં જે કામ થયું છે, તેને ગોવર્ધન પર્વત ઉઠાવવા બરાબર કરી શકાય છે. સાહિત્ય લેખન, સર્જનાત્મક આંદોલન, હજારો પ્રજ્ઞા કેંદ્રોનું નિર્માણ વગેરે કામ જોઇને એ વિશ્વાસ નથી બેસતો કે આટલાં બધાં કામ એક વ્યકિત કરી શકે. આ તથ્ય એ વાતનો સંકેત કરે છે કે કોઇ કુશળ બાજીગરની આંગળીઓના માર્ગદર્શન અને સહયોગથી આટલાં કામ પૂરાં થઇ શકયાં છે. ભવિષ્યમાં જે કામ હાથમાં લેવામાં આવશે તે પૂરાં થઇને જ રહેશે. સર્જનના કાર્યોમાં જે પ્રતિભાઓની અને સાધનોની જરૂર પડશે, તેની વ્યવસ્થા પણ આપોઆપ થઇ જશે. સમસ્યાઓ અસંખ્ય છે, તેનો ઉકેલ લાવવામાં આ સ્થૂળ શરીરની ક્ષમતા ઓછી પડે છે. એ મહાન કાર્યને પૂરું કરવા માટે સૂક્ષ્મ શકિતને આધાર માની મોટા ક્ષેત્રમાં મોટું કામ પૂરું કરી શકાય છે. પ્રતિભા પરિષ્કારના સંબંધમાં પણ આજ વાત છે. ઊલટાને ઊલટાવીને સીધું કરવાનો વ્યાપક કાર્યક્રમ પણ આટલો જ મુશ્કેલ છે. તેના માટે સ્થૂળ શરીર

સહાયક નહિ, બાધક બનશે. તેથી નિર્ણાયકે વર્તમાન સ્તર બદલવાનો નિશ્ચય કર્યો છે. તેમાં હવે વધારે સમય નહિ લાગે.

કોઇએ એવી શંકા-કુશંકા ન કરવી જોઇએ કે એંજિન વગર રેલગાડી કેવી રીતે ચાલશે ? એંજિનને સમજવું હોય તો સૂત્ર સંચાલકની અદૃશ્ય સત્તાના સામર્થ્યનો હિસાબ કરવો જોઇએ. જયાં સુધી આચાર્યજીનો સંબંધ છે, ત્યાં સુધી તેઓ બતાવે છે કે સન ૨૦૦૦ સુધીમાં જે કામ પૂરાં કરવાનાં છે, તેના માટે એમણે પ્રતિભાશાળી પરિજનો અને જરૂરી સાધનોની વ્યવસ્થા કરી લીધી છે. એમને એ પણ વિશ્વાસ છે કે તેઓ નહિ રહે તો પણ બધાં જ કામ વ્યવસ્થિત રીતે ચાલતાં રહેશે. અશ્રદ્ધાળું લોકો થોડી શંકા-કુશંકા કરી શકે છે, પરંતુ જેમને મહાકાળની ક્ષમતા પર વિશ્વાસ છે, તેઓ અનુભવ કરી શકે છે કે જે દૈવી સત્તાએ ૮૦ વર્ષથી દરેક કામમાં સફળતા અપાવી છે, તે અમોને સોંપવામાં આવેલી જવાબદારીઓને પણ સ્વયં સંભાળી લેશે અને જે કામ જરૂરી છે, તેને પૂરાં કરતી રહેશે. સંચાલકે તો સન ૨૦૦૦ સુધીની પત્રિકાઓનું સંપાદન અને ભવિષ્યમાં જે સાહિત્ય પ્રકાશિત થવાનું છે તેનું સર્જન પણ કરી દીધું છે. પાછળ માટે એવા વારસદારો છોડયા છે, જે લક્ષ્ય પૂરું કરવા માટે મોટામાં મોટું કદમ ઉઠાવવામાં પાછીપાની નહિ કરે.

પૃથ્વીની જરૂરિયાત જોઇને દૈવી શકિતએ ગંગાને ધરતી પર મોકલવાનો પૂર્વ નિશ્ચિય કરી રાખ્યો હતો. કામ ભલે ભાગીરથ દ્વારા પૂરું થયું. અત્યારે જ્ઞાન ગંગા આખા વિશ્વનું સિંચન કરવા અને સમસ્ત માનવ જાતિનું કલ્યાણ કરવા માટે અવતરિત થઇ રહી છે. સ્વેચ્છાથી આવી રહી હોય કે પછી વિધિ વ્યવસ્થાના અનુશાસનમાં ઉતરી રહી હોય, ગમે તે હોય, પરંતુ ઉજજવળ ભવિષ્યની સંભાવનાવાળી જ્ઞાનગંગાનું અવતરણ નિશ્ચિત છે. તેનું સ્વાગત-અર્ચન કરવા માટે શું અસંખ્ય ભાવનાશીલ પરિજનો

એક પંકિતમાં વિશાળ સેનાની માફક ઊભા રહેશે ? શું તેઓ આટલા ઓછા સમયમાં મળી શકશે ? જેમને મહાકાળની ઇચ્છા અને યોજનાની સફળતા પર વિશ્વાસ છે, તેઓ આ પ્રતિપાદન પર વિશ્વાસ કરી શકે છે કે રાઇમાંથી પર્વત બનાવવનારી શકિતનું નિયોજન ઓછાં સાધનો અને ઓછા પરિજનોના માધ્યમથી પણ સંભવ છે.

સન ૨૦૦૦માં હજુ અગિયાર વર્ષ બાકી છે. મિશનના સૂત્ર સંચાલકને અત્યારે શારીરિક દૃષ્ટિએ સ્વસ્થ હોવા છતાં આટલો સમય જીવિત રહેવાની ઇચ્છા નથી. તેઓ પોતાના સ્થૂળ કલેવરને અને શકિત ભંડારને વ્યાપક બનાવી સૂક્ષ્મ શકિતના માધ્યમથી એકવીસમી સદીનું ગંગાવતરણ યથા સમય પૂરું કરીને જ રહેશે.

યુગ દેવતાએ દરેક પ્રાણવાન પરિજનોને લોભ-મોહનાં બંધન ઢીલાં કરી નવસર્જનના દૈવી પ્રયાસમાં ભાગીદાર બનવા માટે બોલાવ્યા છે. નવ સર્જનના પ્રયાસ તો સફળ થવાના છે. પ્રશ્ન એ સુયોગ-સૌભાગ્યનો છે, જેને સમય પર જાગનારા, જરૂરી સાહસ બતાવનારા જ પ્રાપ્ત કરતા રહે છે.

એકવીસમી સદી ઉજજવળ ભવિષ્યની સંભાવનાઓ લઇને આવી રહી છે. તેમાં સંસારનું આનંદ અને ઉલ્લાસભર્યું નવસર્જન થવાનું છે. અવાંછનીયતાઓ કિલ્લા જમીન દોસ્ત થવાના જ છે. આ ભવિતવ્યતામાં સહયોગી બની આખા સંસારનું તો ભલું કરી જ શકાય છે સાથેસાથે પોતાનું અને ભાવિ પેઢીનું પણ ભલું કરી શકાય છે.

*

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.